## વડોદરા મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ
**www.vmc.gov.in**
## ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં આરોગ્ય વિભાગમાં GUHP અંતર્ગત અર્બન પીએચસી, 24*7 અર્બન પીએચસી તેમજ અર્બન સીએચસી ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તેમજ આઉટ સોર્સિંગથી નીચે જણાવેલ જગાઓ પર ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર **તા.-૧૩/૦૩/૨૦૨૪ (૧૩.૦૧ કલાક) થી તા.૨૨/૦૩/૨૦૨૪ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગા |
|---|---|---|
| ૧ | આયુષ મેડીકલ ઓફિસર -કરાર આધારીત | ૬ |
| ૨ | જુનિયર ક્લાર્ક (Out Sourcing) | ૮ |
| ૩ | કેસ રાઇટર (Out Sourcing) | ૧૯ |
| ૪ | પટાવાળા (Out Sourcing) | ૧૩ |
| ૫ | આયાબેન (Out Sourcing) | ૨૧ |
| ૬ | ડ્રેસર –UCHC (Out Sourcing) | ૬ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર કરાર આધારીત કે આઉટ સોર્સિંગની જગા ભરવા માટે ઉપર મુજબની કેડર ઉપરાંત બીજી અન્ય કેડર માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર

પી.આર.ઓ. નં ૧૬૪૯/૨૩-૨૪      વડોદરા મહાનગરપાલિકા

# આરોગ્ય વિભાગ
# વડોદરા મહાનગરપાલિકા

## ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૧૬૪૯/૨૦૨૩-૨૪)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ફિક્સ પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|---|
| ૧ | આયુષ મેડીકલ ઓફિસર-કરાર આધારીત | ૬ | આયુર્વેદ કે હોમિયોપોથીમા સ્નાતકની ડીગ્રી | ૨૨૦૦૦/- |
| ૨ | જુનિયર ક્લાર્ક **(Out Sourcing)** | ૮ | (૧) કોઇ પણ વિષયમાં સ્નાતક અને કોમ્પ્યૂટર એપ્લીકેશનમાં ડિપ્લોમા અથવા સર્ટીફીકેટ કોર્ષ<br>(૨) **MIS** સિસ્ટમનો ૩ થી ૫ વર્ષનો અનુભવ | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |
| ૩ | કેસ રાઇટર **(Out Sourcing)** | ૧૯ | ૧૨ પાસ તેમજ આરોગ્ય વિભાગમાં વર્ગ -૪ તરીકે કરેલ કામગીરીનો ઓછામા ઓછો ૫ વર્ષનો અનુભવ | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | પટાવાળા (Out Sourcing) | ૧૩ | ઓછામાં ઓછુ ૮ ધોરણ પાસ, અંગ્રેજી જાણકારને પ્રાધાન્ય | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |
| ૫ | આયાબેન (Out Sourcing) | ૨૧ | ઓછામાં ઓછુ ૪ ધોરણ પાસ, ૩ વર્ષનો અનુભવ | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |
| ૬ | ડ્રેસર –UCHC (Out Sourcing) | ૬ | ધોરણ-૭ પાસ, ગુજરાતી ભણેલા અને કામનો અનુભવ | શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકારના નિયમ અનુસાર |

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૧૩/૦૩/૨૦૨૪ (૧૩-૦૦ કલાક) થી તા. ૨૨/૦૩/૨૦૨૪(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **શૈક્ષણિક માહીતી:** દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** મા ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. **વયમર્યાદા:**
   જગા નં ૧, ૨ અને ૩ માટે -૫૮ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   જગા નં ૪, ૫ અને ૬ માટે – ૪૫ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
5. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
6. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
7. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
8. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
9. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
10. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
11. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
12. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૧૩/૦૩/૨૦૨૪

**ડે.મ્યુનિસિપલ કમિશ્નર(આ)**
**વડોદરા મહાનગરપાલિકા**